# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૫/૦૨/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૧૧૧ ઈંગ્લીશ દારૂ, ૪૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૪ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૮૦/૨૦૨૫**

**નવરંગપુરાઃ** આરતીબહેન કિશોરભાઇ ઠાકોર (ઉ.વ.૪૩) (રહે. વિજળી કર્મચારી સોસાયટી કુલ સ્ટોપ સોસાયટીની બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૪ થી તા.૦૫/૦૪/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ ફેમિના ટાઉનની પાસે કોમ્પલેક્ષ આનંદમંગલ-૧ ખાતે આરોપી પુજારા સીનર્જી પ્રા.લી કંસલ્ટંસીના ડાયરેક્ટરો અક્ષત ભરતભાઇ પુજારા, ભરતભાઇ પુજારા, દક્ષાબહેન પુજારા, આકાશ રાજપુત તથા આનંદભાઇ નાગરભાઇ પરમાર (રહે. કુડાસણ ગાંધીનગર) એ ભેગા મળી આરતીબહેન ઠાકોરને ઈન્કમટેક્ષ વિભાગ તરફથી મળેલ નોટીસ અનુસંધાને કાર્યવાહી કરી આપવાની બાહેધરી આપી વિશ્વાસમાં લઇ લોભામણી લાલચ આપી આરતીબહેન ઠાકોર પાસેથી પી એન બી મેટ લાઇફ ઇંશ્યોરંસ કંપનીમાં પોલીસીમા પ્રથમ જે રોકાણ થશે તેમાથી જ દર વર્ષે તમારી પોલીસીના ભરવાના થતા નાણાંની ભરપાઇ થઇ જશે અન્ય ભરવાના થશે નહી તેમ જણાવી ત્રણ અલગ-અલગ પોલીસીઓ ઉતરાવી તેમજ અલગ-અલગ પ્રોસેસ પેટે મળી કુલ રૂપિયા ૧૧,૩૬,૫૩૫/- મેળવી લઇ, નાણાં પરત અપાવવાનો ભરોષો અપાવી આજદિન સુધી નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એ.પટેલ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** જીજ્ઞેશ હરિકૃષ્ણ સરવાળીયા (ઉ.વ.૩૯) (રહે. પરીમલ હાઇટસ ગોકુલ બંગલોઝ સામે વેરાના કાંઠે નિકોલ) એ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૪ થી તા.૨૨/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન જીજ્ઞેશ સરવાળીયાના મોબાઇલ નંબર ઉપર મોબાઈલ નંબર ૮૧૪૮૨૩૦૯૬૫ ના ધારકે ફોન કરી એચ.ડી.એફ.સી, બ્રાન્દ્રા, મુબંઇ થી મેનેજર વાત કરતા હોવાની ઓળખ આપી તથા ૮૬૯૭૪૨૪૦૦૮ નંબરથી ફોન કોન્ફરન્સથી પોલીસ ઇન્સપેક્ટર વિક્રમસિંહ સાથે અને ત્યારબાદ આકાશ કુલહારી નામના સી.બી.આઇ.ના અધિકારી તરીકેની ઓળખ આપનાર એ સૌપ્રથમ જીજ્ઞેશ સરવાળીયાના નામના એચ.ડી.એફ.સી.ના ક્રેડીટ કાર્ડ ઉપર ૨,૧૦,૦૦૦/- જેટલી રકમનુ ટ્રાન્જેક્શન કરવામાં આવેલ છે તેવી હકિકત જણાવી બ્રાન્દ્રા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી દ્રારા જીજ્ઞેશ સરવાળીયાના મોબાઇલ નંબર ઉપર વોટ્સએપ વિડિઓ કોલ કરી ઠપકો આપી ત્યારબાદ સી.બી.આઇ. ડિપાર્ટમેન્ટ દ્રારા તપાસ ચાલી રહેલ છે તેવી હકિકત જણાવી જીજ્ઞેશ સરવાળીયાને સી.બી.આઇ.ના અધિકારી તરીકે વોટ્સએપ વિડીઓ કોલ કરી તમે સુરેશ અનુરાગ નામના કોઇ વ્યક્તિને ઓળખો છો? તેનુ નામ મનીલોન્ડ્રીંગ કેસમાં આવેલ છે અને તેના દ્રારા ૨.૫૬ કરોડના ગેરકાયદેસર ટ્રાન્જેક્શન કરવામાં આવેલ છે અને તેની પાસેથી તમારા નામના ક્રેડીટ કાર્ડ અને ચેક બુક પકડવામાં આવેલ છે તમને એરેસ્ટ કરવામાં આવશે તેવી બધી વાતચીત કરી ડરાવી, ભયમાં મુકી, ઓનલાઇન વોટ્સએપ વિડીઓ કોલના માધ્યમથી પુછપરછ કરવામાં આવશે અને સર્વેલન્સમાં રાખવામાં આવશે તેવુ જણાવી જીજ્ઞેશ સરવાળીયાના નામથી ઇસ્યુ થયેલ સી.બી.આઇ. ડિપાર્ટમેન્ટનો લેટર તથા અન્ય ગર્વમેન્ટલ અફેર, તેની નીચે સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયા જેની નીચે ડેપ્યુટી ગર્વનર, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના સહી સિક્કા કરેલ લેટર વોટ્સએપમાં મોકલી વિશ્વાસમાં લઇ જીજ્ઞેશ સરવાળીયાના બેન્કમાં રહેલ રૂપિયા ઇન્વેસ્ટીગેશનના ભાગરૂપે આર.બી.આઇ.માં વેરીફીકેશન સારૂ મોકલવાના હોવાનુ જણાવી તથા સિક્યુરીટી ચાર્જના ભરવાના હોવાનુ જણાવી વેરીફીકેશન બાદ રૂપિયા રીફંડ મળી જશે તેવો ભરોસો અપાવી જીજ્ઞેશ સરવાળીયાના બેન્ક એકાઉન્ટમાંથી અલગ-અલગ બેન્ક એકાઉન્ટમાં કુલ રૂપિયા ૪૪,૦૦,૦૦૦/- આર.ટી.જી.એસ. મારફતે બળજબળીથી ભરાવડાવી તે નાણાં રીફંડ નહીં આપી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૧/૨૦૨૫**

**માધવપુરાઃ** નરેન્દ્ર ગુણવંતરાય પરીખ (ઉ.વ.૬૫) (રહે. દિનેશ એપાર્ટમેન્ટ શ્રીજી ખમણની ગલીમાં ન્યુ માધુપુરા માર્કેટ સામે શાહીબાગ) એ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૪ થી તા.૧૦/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો/તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૨/૨૦૨૫**

**નરોડાઃ** રાજેન્દ્રસિંગ રતનસિંગ યાદવ (રહે. જી/૨૫ એમ.ટુ.કે કાઉન્ટી સેકટર-૫ ધારુહેડા જી-રેવાડી હરીયાણા) એ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજેન્દ્રસિંગ યાદવનાઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોય ડ્રાઈવર તરીકે રાખેલ આરોપી (૧) અકરમ જાકર (રહે. ગામ-ઉંચેરા તા-કમાન જી-ભરતપુર રાજસ્થાન) તથા કલીનર (૨) ખુરશીદ રોજદાર ખાન (રહે. ગામ-ખેરીલ ખુર્દ તા-ફિરોજપુર જીર્કા જી-મેવાત હરીયાણા) ભેગા મળી તા.૨૮/૦૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા નાના ચીલોડા એસ.પી.રીંગ રોડ દર્શન હોટલ આગળ કન્ટેનરના કેબીનમાં ડ્રાઈવરના પાછળના ભાગે લોખંડનુ કન્ટેનર કાપી માલ-સામાન કિમત રૂપિયા ૪૦,૦૦૫/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૧૮૩/૨૦૨૫**

**વટવા જીઆઈડીસીઃ** પુજાબહેન વા/ઓ વિષ્ણુભાઈ પ્રજાપતી (રહે. અર્પણ એપાર્ટ્મેન્ટ ડાયમંડ પાર્ક સોસાયટી ગાયત્રી સ્કુલ પાસે નિકોલ) તા.૦૩/૦૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પુનિતનગર ફાટક ખાતે થાંભલા નંબર–૪૮૯/૨૯ થી ૪૮૯/૩૦ મીડલઅપ લાઈન વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૮૪/૨૦૨૫**

**વેજલપુરઃ** અભિષેક દત્તાત પ્રબલકુમાર રોય (ઉ.વ.૩.૩૪) (રહે. સાક્ષત એપાર્ટમેન્ટ બકેરીસીટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૫ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બોરખતરિયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી